Letter No: SJED/0115/05/2024 Dt: 13-05-2024

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરની કચેરીમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા શ્રી ચિરાગ બી. ચૌહાણને સાતમા પગારપંચ અન્વયે સુધારેલ પગાર ધોરણ મુજબ તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૦૭-૨૦૧૭ ના સમયગાળાની પગાર તફાવતની રકમનું ચૂકવણુ કરવા બાબત.

ગુજરાત સરકાર,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

ઠરાવ ક્રમાંક- SJED/SKN/e-file/17/2023/3063/J

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૫/૨૦૨૪

**વંચાણે લીધા:-**

(૧) નાણા વિભાગનો તા.૧૩/૦૩/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક : પગર/૧૦૨૦૧૫/૪૭૪/૧૮/પગાર એકમ.

(૨) નાણા વિભાગનો તા.૧૬/૦૮/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : પગર/૧૦૨૦૧૬/૧/પગાર એકમ.

(૩) નાણા વિભાગનો તા.૨૯/૦૬/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક : પગર/૧૦૨૦૧૬/૧૧/પગાર એકમ (અ).

(૪) નાણા વિભાગનો તા.૧૭/૧૦/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક : પગર/૧૦૨૦૧૬/ઓ.૪૫૭/ (૧૫)/પગાર એકમ(અ).

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૧૧/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક- પરચ/૧૦૦૬/૧૦૨૬/ગ.

(૬) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, તા.૦૮/૦૯/૨૦૨૩નો પત્ર ક્રમાંક-ગુસકાવિનિ/વહટ/૨૦૨૩- ૨૪/૩૩૦૩-૦૪

**આમુખ:-**

વંચાણે લીધા ક્રમ (૧) થી (૪) પરના નાણાવિભાગના ઠરાવોની જોગવાઇ અન્વયે વંચાણે લીધા ક્રમ (૫) પરના વિભાગના તા.૨૮/૦૧૧/૨૦૧૭ના ઠરાવથી ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમમાં ડ્રાઇવર તરીકે ફરજ બજાવતાં શ્રી ચિરાગ બી.ચૌહાણને સાતમા પગાર પંચનો લાભ આપવામાં આવેલ હતો. જેનો વાસ્તવિક અમલ તા.૦૧/૦૮/૨૦૧૭થી કરવામાં આવેલ.

વંચાણે લીધા ક્રમ (૬) પરના ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના તા.૦૮/૦૯/૨૦૨૩ના પત્રથી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમમાં ફરજ બજાવતાં શ્રી ચિરાગ બી. ચૌહાણ, ડ્રાઇવરને સાતમા પગારપંચના તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૦/૦૭/૨૦૧૭ સુધીના પગાર તફાવતનું ચૂકવણું કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના શ્રી ચિરાગ બી. ચૌહાણ, ડ્રાઈવરને સાતમા પગારપંચના તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૦/૦૭/૨૦૧૭ સુધીના સમયગાળા માટે અંદાજિત રૂ.૭૩૩૯૦/- પગાર તફાવતની રકમનું ચૂકવણું નિગમને ફાળવેલ વહીવટી ગ્રાન્ટમાંથી ચૂકવવાની મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

**શરતો:**

૧. નિગમના સબંધિત અધિકારી/કર્મચારીઓને પગાર તફાવતની રકમની ચૂકવણી કરીને, નિગમના સક્ષમ અધિકારીએ આ વિભાગને તે રકમની ચૂકવણી કર્યા અંગેની લેખિત જાણ કરવાની રહેશે.

૨. નિગમના સક્ષમ અધિકારીએ, પગાર તફાવતની રકમની ચૂકવણીની કામગીરી પર દેખરેખ રાખવાની રહેશે તેમજ ચકાસણી અને પ્રમાણિત કરી વધુ રકમ ચૂકવાઈ ન જાય તે અંગેની કાળજી અવશ્ય લેવાની રહેશે.

૩. સબંધિત અધિકારી/કર્મચારીઓને પગાર તફાવતની રકમની ચૂકવણી કરતા પહેલા પ્રિઓડીટ કરાવીને ચૂકવણું કરવાનું રહેશે.

૪. નાણા વિભાગના તા.૧૩/૦૩/૨૦૧૮ના ઠરાવની શરતોનું પાલન કરવાનું રહેશે.

Signature Not Verified
Signed by: Sangita S. Patni
Incharge SO
Date: 2024.05.13 16:03:21 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૧/૦૫/૨૦૨૪ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંગીતા પટણી)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

Ø માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

Ø અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

Ø સચિવશ્રી (આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Ø નાણા સલાહકારશ્રી (સા.ન્યા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Ø નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

Ø મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.

Ø એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.

Ø નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.

Ø પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.

Ø સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Ø સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર. - ઉકત ઠરાવ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ

Ø પસંદગી ફાઇલ-૨૦૨૪.